# કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી

મેજીસ્ટ્રેટ શાખા, જિલ્લા સેવા સદન,૧લો માળ,કાલીયાવાડી,નવસારી

ફો.ન.૨૪૮૦૯૯, ફેકસ– ૨૮૧૫૪૦, ઈમેઈલ– collector-nav@gujarat.gov.in


નં.ડીસીબી/એમએજી/કોરોના/જા.નામુ/વશી/૨૫૩/૨૦૨૦ તા.૧૬/૦૩/૨૦૨૦

## ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ ૩૩ હેઠળનું જાહેરનામું

હાલમાં વિશ્વમાં ચીન સહીત ૧૦૦થી વધુ દેશોમાં નોવેલ કોરોના વાયરસ–૨૦૧૯ COVID-19 થી વ્યાપક પ્રમાણમાં જાનહાનિ થયેલ છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ આ રોગને વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ આ રોગોના કેસ નોંધાયેલ છે. ગુજરાતમાં આ રોગનો ફેલાવો ન થાય તે માટે આગમચેતીના પગલા લેવાના થાય છે. આ રોગના મુખ્ય લક્ષણોમાં ભારે તાવ, કફ, શરદી, શ્વાસ લેવામાં તકલીફ વગેરે જોવા મળે છે. આ લક્ષણો રેસ્પીરેટરી ઈન્ફેકશનને મળતાં હોઈ આ રોગનો ફેલાવો ઝડપથી થાય છે. આ રોગને અટકાવવા માટે ફેસ માસ્ક અને હેન્ડ સેનેટાઈઝરોનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. ઉકત બાબતે સરકારશ્રીના નવી દિલ્હીના તા.૧૩/૦૩/૨૦૨૦ના ગેઝેટ નં.સી.જી–ડી.એલ.–અ– ૧૩૦૩૨૦૨૦ –૨૧૮૬૪૫ માં દર્શાવ્યા મુજબ માસ્ક(૨ પ્લાઈ,૩ પ્લાય સર્જિકલ માસ્ક, એન ૯૫ માસ્ક)અને હેંડ સેનિટાઈઝરને ૩૦ જુન ૨૦૨૦ સુધી આવશ્યક ચીજવસ્તુઓ અધિનિયમ ૧૯૫૫ હેઠળ આવરી લેવામાં આવેલ છે.

વાસ્તે હું આર્દ્રા અગ્રવાલ (આઈ.એ.એસ.) જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી જિલ્લો આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ હેઠળ ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓનું (નિયમન કરવા બાબત) હુકમ ૧૯૭૭ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ ૩૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ નવસારી જિલ્લામાં માસ્ક(૨ પ્લાઈ,૩ પ્લાય સર્જિકલ માસ્ક, એન ૯૫ માસ્ક)અને હેંડ સેનિટાઈઝરના તમામ જથ્થા બંધ તથા છુટક વિક્રેતાઓ, સંગ્રહકર્તાઓ, ઉત્પાદકોએ નીચે મુજબની શરતોનું પાલન કરવા ફરમાવવામાં આવે છે.

(૧) ધંધાના સ્થળે ઉઘડતો સ્ટોક અને ભાવ યાદી પ્રદર્શિત કરવાની રહેશે.

(૨) વ્યાપારીઓએ નકકી કરેલ અથવા દર્શાવેલ ભાવ કરતાં વધુ ભાવે આવશ્યક ચીજવસ્તુ વેચવી નહી.

(૩) નિયત કરતા વધુ નફાનો ગાળો રાખી શકશે નહી.

(૪) સટ્ટાખોરી કરવી નહી.

(૫) ઉકત વેચાણમાની આવશ્યક ચીજવસ્તુઓ આપવાની ના પાડી શકશે નહી.

(૬) ફરજીયાતપણે બીલ આપવાનું રહેશે.

(૭)હીસાબો રાખવાના રહેશે.(દૈનિક સ્ટોક રજીસ્ટર નિભાવવાના રહેશે.)

(૮) આવશ્યક વસ્તુઓના સ્ટોકની જાળવણી, સંગ્રહ,વેચાણભાવ વિગેરને લગતા આવશ્યક ચીજવસ્તુ અધિનિયમની તમામ જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

Scanned with CamScanner

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ ઉકત હુકમના ભંગ બદલ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા.૧૬/૦૩/૨૦૨૦ના રોજ મારી સહી અને મુદ્રા કરી આપી.

રવાના કર્યુ

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
નવસારી

સહી/-×××
આર્દ્રા અગ્રવાલ
જિલ્લા મેજીસ્ટ્રેટ,નવસારી

પ્રતિ,
૧.મેનેજરશ્રી ,સરકારી છાપકામ અને લેખન સામગ્રી ખાતુ,વડોદરા.
૨/- સદરહુ જાહેરનામું આવતા રાજયપત્ર અંકમાં પ્રસિધ્ધ કરી તેની નકલો અત્રે તાકીદે મોકલી આપવા વિનંતી છે.

નકલ સવિનય રવાના :-

- નાયબ સચિવશ્રી ગૃહ વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજશ્રી નવસારી
- ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી સુરત,રેંજ સુરત
- જયુડીશિયલ મેજીસ્ટ્રેટશ્રી(ફ.ક.) નવસારી / જલાલપોર / ગણદેવી / ચીખલી / વાંસદા
- સહાયક માહિતી નિયામકશ્રી નવસારી તરફ
  ૨/-ઉકત જાહેરનામુ આઈટમ ઓફ ન્યુઝ તરીકે વર્તમાન પત્રમાં વિના મુલ્યે લોકોની જાણ માટે પ્રસિધ્ધ કરવા સારૂ.

નકલ જય ભારત સહ રવાના:-

- પોલીસ અધિક્ષકશ્રી, નવસારી
- સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી નવસારી / ચીખલી / વાંસદા તરફ
- જીલ્લા પુરવઠા અધિકારીશ્રી, નવસારી
- પોલીસ ઈન્સ્પેકટરશ્રી / સબ ઈન્સ્પેકટરશ્રી, ( નવસારી ટાઉન / નવસારી રૂરલ / જલાલપોર / ગણદેવી / બીલીમોરા / ચીખલી / ખેરગામ / વાંસદા / એલ.આઈ.બી / એલ.સી.બી. / એસ.ઓ.જી. ) તરફ આપની કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધિ સારૂ.
- મામલતદાર અને કાર્યપાલક મેજી.શ્રી, નવસારી(શ.)/ નવસારી(ગ્રા.)/ જલાલપોર/ ગણદેવી/ ચીખલી/ ખેરગામ/ વાંસદા

Scanned with CamScanner